મળ્યા તારીખ –: ૦૯.૦૪.૨૦૦૮
નોંધણી તારીખ –: ૦૯.૦૪.૨૦૦૮
ફેંસલ તારીખ –: ૨૩ .૦૮.૨૦૧૮
અવધિ–: વર્ષ માસ દિવસ
૧૦ ૦૪ ૧૪

# પ્રિન્સિપાલ સિનિયર સિવિલ અદાલત સમક્ષ, જુનાગઢ

સ્પેશ્યલ દિવાની મુકદમા નં. ૨૭/૨૦૦૮

**આંક–**

**કરૂણાશંકર ગોવિંદભાઈ રવૈયા (દવે)**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૬૬, ધંધો–ખેતી
રહે. ધારી તથા પરબવાવડી
તાલુકો : ભેંસાણ. **..... વાદી**

**વિ રુ દ્ધ**

(૦૧) **ગુજ. રામજીભાઈ ભુરાભાઈ ના વારસો**
**૧.૧) શાંતાબેન રામજીભાઈ રવૈયા**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૮૭, ધંધો–ઘરકામ
રહે. જુનાગઢ, જોષીપરા, ખલીલરોડ, સુભાષનગર,
તે ગુજરનારના વિધવા

**૧.૨) છોટુભાઈ રામજીભાઈ રવૈયા**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૫૭, ધંધો–નોકરી
રહે. જુનાગઢ, જોષીપરા, ખલીલરોડ, સુભાષનગર **..... પ્રતિવાદીઓ**

**૧.૩) સ્વ લીલાબેન રામજીભાઈ રવૈયા તે બળવંતભાઈ મણીલાલ પુરોહીતના પત્નિ,**

**૧.૩.૧) ધર્મેન્દ્રભાઈ બળવંતભાઈ પુરોહીત**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૩૮, ધંધો–વેપાર
રહે. ભાવનગર, વિઠ્ઠલવાડી, ગાંધીનગર પ્લોટ
નં. ૭૯/એ.

**૧.૩.૨)   સુરેશભાઈ બળવંતભાઈ પુરોહીત**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૩૩, ધંધો–વેપાર
રહે. ભાવનગર, વિઠ્ઠલવાડી, ગાંધીનગર પ્લોટ
નં. ૭૯/એ.

**૧.૩.૩)   હરેશભાઈ બળવંતભાઈ પુરોહીત**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૩૦, ધંધો–વેપાર
રહે. ભાવનગર, વિઠ્ઠલવાડી, ગાંધીનગર પ્લોટ
નં. ૭૯/એ.

**(૨)   ગુજ. દેવરાજભાઈ ભુરાભાઈના વારસો......**

**૨.૧)   લખુભાઈ દેવરાજભાઈ રવૈયા**
ધર્મે : હિન્દુ
રહે. ભીખુભાઈ બટેટાવાળાના મકાનમાં
રાજેશ્વર સોસાયટી, ગાયત્રીમંદિર પાસે,
જેતપુર, જી. રાજકોટ.

**૨.૨)   નાનજીભાઈ  દેવરાજભાઈ**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૪૫, ધંધો–પરચુરણ
રહે. ભીખુભાઈ બટેટાવાળાના મકાનમાં
રાજેશ્વર સોસાયટી, ગાયત્રીમંદિર પાસે,
જેતપુર, જી. રાજકોટ.

**૨.૩)   વિઠ્ઠલભાઈ દેવરાજભાઈ વૈધ**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૪૯, ધંધો–પરચુરણ
રહે. જેતપુર, ઠે. ભાદરના સામા કાંઠે,
મફતીયાપરા, રબારીરોડ,

**૨.૪)   જયાબેન દેવરાજભાઈ**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૫૧, ધંધો–ઘરકામ
તે શ્રી બાબુભાઈ જીવાભાઈ બોરીચાંગરનાં પત્નિ
રહે. દેવગામ, તા. કુકાવાવ, જી. અમરેલી...

(૩)   ગુજરનાર ગોવિંદભાઈ જેરામભાઈના વારસો :–

**૩.૧)   રામભાઈ ગોવિંદભાઈ રવૈયા**

ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૭૮, ધંધો–ખેતી
રહે. પરબવાવડી, તા. ભેંસાણ.

૩.૨) નારણભાઈ ગોવિંદભાઈ
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૭૫, ધંધો–નિવૃતી
રહે. ધારી, ટીમખાપડા, સરસીયા રોડ, જી. અમરેલી.

૩.૩) ગુજ. ભીમભાઈ ગોવિંદભાઈ રવૈયાના વારસો

૩.૩.૧) જેન્તીભાઈ ભીમભાઈ રવૈયા
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૫૫, ધંધો–નોકરી
રહે. જેતપુર,જાગૃતીનગર, ધોરાજી રોડ...

૩.૩.૨) સુરેશભાઈ ભીમભાઈ રવૈયા
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૪૨, ધંધો–નોકરી
રહે. વેરાવળ, જલારામ ટોકીઝ પાસે, ટાગોર રોડ,
ગીતા વિધ્યાલય પાસે, (હોન્ડાવાળા) **જી. જુનાગઢ.**

**૩.૩.૩) મંજુબેન ભીમભાઈ રવૈયા**
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૬૦, ધંધો–ઘરકામ
તે શ્રી શીવલાલ માધવજીભાઈ મહેતાના પત્નિ
રહે. પીઠડીયા (મોટા) તા. બગસરા, જી. અમરેલી.

૩.૩.૪) મુકતાબેન ભીમભાઈ રવૈયા
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૫૩, ધંધો–ઘરકામ
કાનજીભાઈ તરૈયાના માતૃશ્રી,
રહે. બાબર, ઠે. હાઈસ્કુલની બાજુમાં, જી. અમરેલી

૩.૩.૫) હંસાબેન ભીમભાઈ રવૈયા
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૫૦, ધંધો–ઘરકામ
તે મોહનભાઈ નાનજીભાઈ માઢકના પત્નિ,
રહે. બસ સ્ટેન્ડ સામે, તા. સ્વામીના ગઢડા
જી. ભાવનગર.

૩.૩.૬) બેનાબેન ભીમભાઈ રવૈયા
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૪૫, ધંધો–ઘરકામ
તે હિંમતભાઈ મુળુભાઈ તેરૈયાના પત્નિ
રહે. રેલ્વે કર્વાટર, રેલ્વે સ્ટેશન, જી. અમરેલી.

<u>**બાબત**</u> –: <u>ડેકલેરેશન તથા કાયમી તાકિદ મળવા બાબત</u>

<u>**હાજર રહયા**</u> **–:** વાદી પક્ષ તરફે વિ.વકીલ શ્રી એમ.એમ.બોરીચાંગર

પ્રતિવાદી નં. ૧/૨, ૨/૧ થી ૨/૪ તરફે વિ.વકીલ શ્રી બી.જે.જોશી
પ્રતિવાદી નં. ૩/૧, ૩/૨ તથા ૩/૩/૧ થી ૩/૩/૬ તરફે વિ.વકીલ શ્રી વી.યુ.બોરીચાંગર

**–: <u>ઠ રા વ</u> :–**

**(૦૧)...** હાલના દાવાની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, કરૂણાશંકર ગોવિંદભાઈ રવૈયા (દવે) (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર "વાદી" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) નાઓએ ઉપર જણાવેલ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાવો દાખલ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, ગુજરનાર રામજીભાઈ ભુરાભાઈ અને ગુજરનાર દેવરાજભાઈ ભુરાભાઈ સગાભાઈઓ હતા અને પ્રતિવાદી નં. ૧/૧ થી ૧/૩/૧–૨–૩ તેઓના વારસો થાય છે. તેમજ વાદીના <u>કુટુંબી</u> થાય છે. પ્ર તિવાદી નં. ૩/૧ થી ૩/૩ વાદીના સગાભાઈઓ છે તેમજ પ્રતિવાદી નં. ૩/૩ ગોવિંદભાઈ જેરામભાઈ અવશાન પામતા તેઓના વારસો ૩/૩/૧ થી ૬ તેઓના વારસો છે.

**:૧.૧:** વાદીએ તેની દાવા અરજીમાં વિશેષમાં જણાવેલ છે કે, ગુજરનાર રામજીભાઈ તથા દેવરાજભાઈ મુળ પરબવાવાડી ગામે રહેતા હતા. તેઓ ખેતીની વડીલોપાર્જીત જમીન સર્વે નં. ૧૩૯ ધરાવતા હતા. જેની માપણી ગોળ હોય તેથી આઠ એકર ગણતા, પરંતુ ત્યારબાદ પાછળથી માપણી કરતા આઠ એકરને બદલે પાંચ એકર ૩૩ ગુઠા માપણી થયેલી. ગુજરનાર રામજીભાઈ તથા દેવરાજભાઈ બન્ને ને ૧૯૫૪ની સાલમાં ભાગ પડેલ ત્યારથી તેઓ બન્ને ભાઈઓ સ્વતંત્ર રીતે તેઓના હિસ્સાની જમીન ખેડતા હતા. તેના આધારે પ્રતિવાદી નં. ૨ નાઓ ખાતા જુદા પડાવવા માટે તારીખ : ૧૫/૧૦/૧૯૬૧ના અરશામાં અરજી કરતા એન્ટ્રી નં. ૨૯૪ પડેલા, જેની સામે પ્રતિવાદી નં. ૧ નાએ તારીખ : ૧૮/૧૧/૧૯૬૧ના રોજ એવા વાંધા લીધેલ કે, તેઓ મજમુ ખાતેદાર છે અને ખાતા જુદા પાડવા માટે તેઓ સહમત નથી. આ તકરાર ધ્યાને લઈ એન્ટ્રી નામંજુર થયેલી. પરંતુ બન્ને ભાઈઓ, પ્રતિવાદી નં. ૧ અને ૨ નો કબ્જો તેઓના ભાગ મુજબ અલગ અલગ રહેલો.

**:૧.૨:** વાદીએ તેની દાવા અરજીમાં વિશેસામાં જણાવેલ છે કે,ગુજરનાર દેવાભાઈ ભુરાભાઈ પોતાના હિસ્સાની જમીન વેચવી હોય, જે તે સમયે વાદી તથા પ્રતિવાદી નં. ૩ ના વારસો જેમકે રામભાઈ નારણભાઈ વગેરેની સંયુકત કુંટુંબની મિલ્કત હોય, કુટુંબના કર્તા તરીકે તે વખતે વાદીના મોટાભાઈ ગુજરનાર ભીમભાઈ કુટુંબના હિતાર્થે ગુજરનાર દેવરાજભાઈના હિસ્સાની જમીન જે તે વખતે ચાર એકર રજીસ્ટર દસ્તાવેજ નં. ૯૯૦ થી ખરીદ કરેલ. ત્યારથી વાદગ્રસ્ત જમીનનો કબ્જો વાદી તથા તેના ભાઈ સંયુકત કંટુંબનો બનેલો છે. સરકારશ્રી તરફથી તેમની માપણી થતા જમીનનું માપ પાંચ એકર તેત્રીસ ગુઠા થયેલ અને તેના સર્વે નં. ૧૩૯/૧ આપવામાં આવેલ, જેના એન્ટ્રી નં. ૫૦૪, તારીખ : ૧૯/૧૧/૧૯૬૮ના રોજ પડેલી. વાદીના કથન મુજબ તેઓના સંયુકત કુટુંબના હિતાર્થે લીધેલ જમીન ચાર ગુઠા નથી પરંતુ બે એકર છત્રીસ ગુઠા હોય, ભવિષ્યમાં સરકારી રેકર્ડ થી વિરુધ્ધનુ દસ્તાવેજ ન દેખાય તે હેતુથી તેના કુટુંબના કર્તા ગુજરનાર ભીમભાઈ ગોવિંદભાઈએ ગુજરનાર દેવરાજભાઈ અવશાન પામેલ હોય, તેમના કુટુંબના કર્તા અને વડીલ લખુભાઈ દેવરાજભાઈ પાસેથી સુધારા દસ્તાવેજ નં. ૧૫૫૬, તારીખ : ૧૦/૧૨/૧૯૮૪ના રોજ કરાવેલો.

**:૧.૩:** સર્વેયર ધ્વારા જમીનની માપણી થયા બાદ વાદી તથા તેના ભાઈઓ, પ્રતિવાદી નં. ૩/૧ થી ૩/૩ વચ્ચે તેઓની વડીલોપાર્જીત બીન ખેતીની જમીન અને વાદગ્રસ્ત જમીન અંગે વહેચાણ ભાગ૧૯૭૮ની શરુઆતમાં પાડવામાં આવેલ અને તે વખતે દરેક વ્યકિતએ પોત પોતાના ભાગ સંભાળી લીધેલ. ત્યારથી વાદગ્રસ્ત જમીનનો કબ્જો ભોગવટો અને માલીકી વાદીના છે. તેમાં આજ દિન સુધી કોઈએ હરકત અંતરાય કરેલ નથી. તારીખ : ૧૬/૦૨/૧૯૭૮ ના રોજ ભાઈઓ વચ્ચે વેંચાણ ભાગનુ લખાણ થયેલ, તેમાં જણાવ્યા મુજબ વાદગ્રસ્ત જમીન વાદીના ભાગે આવેલી અને વડીલોપાર્જીત જમીનમાં કુવો આવેલ હોય, કુવામાં વાદીનો સરખો ભાગ આપવામાં આવેલો.

**:૧.૪:** વાદીએ તેની દાવા અરજીમાં જણાવેલ છે કે, ગુજરનાર રામજીભાઈ ૧૯૬૧ પછી તેની હયાતી દરમ્યાન કયારેય પણ વાદગ્રસ્ત જમીનમાં ભાગ અંગે કોઈ તકરાર લીધેલ નથી. તેમજ તેઓની હયાતી બાદ પ્રતિવાદી નં. ૧ના

વારસોએ પણ કોઈ વાંધા લીધેલ નથી. આમ આજ દિવસ સુધી એટલે કે, તારીખ : ૨૭/૦૩/૧૯૮૯ના રોજ અપીલનો ઠરાવ થયા બાદ આજ દિન સુધી પ્રતિવાદી નં. ૧ /૨નાઓ કે,પ્રતિવાદી નં. ૧ના વારસોએ તેના કહેવાતા હકક માટે કોઈ પ્રકારની કાર્યવાહી કરેલ નથી કે વાંધા તકરાર લીધેલ નથી. વાદીએ વિશેષમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૧ ઘણા વર્ષો પહેલા ગુજરી ગયેલ છે અને આજ દિન સુધી રેવન્યુ રેકર્ડમાં તેના વારસો પ્રતિવાદી નં. ૧/૧ થી ૩/૧ ના નામે ચડેલ નથી. ઉપરોકત હકીકતોએ વાદીએ દાવા અરજી પેરા–૧૬માં નીચે મુજબની દાદ માંગેલ છે.

*:૧: સ્ટેટ ઓફ ગુજરાત, :૨: કલેકટરશ્રી, જુનાગઢ (જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર અનુક્રમે પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ તરીકે ઉલ્લેખ કરેલ છે.) વિરુધ્ધ કાયમી તાકિદ તેમજ વિજ્ઞાપન મેળવવા હાલનો દાવો કરેલ છે.*

*:અ: દાવાવાળી ખેતીની જમીન ભેંસાણ તાલુકાના ગામ પરબવાવડીની સીમની ખેતીની જમીન સ.નં. ૧૩૯ પૈકી એકર ૨–૩૬ ગુઠાના અમો વાદી કબ્જેદાર ભોગવટો લેનાર માલીક છીએ તેમ ઠરાવી આપવા મે. કરશો.*

*:બ: દાવાવાળી જમીનના અમારા કબ્જા ભોગવટા માલીકીમાં અડચણ, અટકાયત કે રુકાવટ કરવા કોઈ પ્રતિવાદીને હકક નથી તેમ ઠરાવી આપવા..*

*:ક: દાવાવાળી જમીનના અમારા કબ્જા ભોગવટામાં કોઈપણ પ્રતિવાદી કોઈ પણ જાતની કયારેય અડચણ અટકાયત ન કરે તેવી પ્રતિવાદીને તાકીદ આપવા હુકમ કરવા મે. કરશો.*

*:ડ: દાવાનુ સ્વરૂપ જોતા થનાર હુકમનામાનો બરોબર અમલ થઈ શકે તે માટે કરવા જોઈતા તમામ હુકમો કરવા...*

**(૦૨)...** વાદીના દાવા અરજીના આંક–૨૦ થી પ્રતિવાદી નં. ૧/૨, ૨/૧ થી ૨/૪ તરફે જવાબ / વાંધા રજુ થયેલ છે. જેમાં આ પ્રતિવાદીઓએ જણાવેલ છે કે, વાદીનો દાવો લીમીટેશન એકટની જોગવાઈ મુજબ પ્રાથમીક રીતે રદ થવા પાત્ર છે. તેમજ તેઓ જણાવે છે કે, વાદીએ ગુજરનાર ગોવિંદભાઈ જેરામભાઈ વારસોને મિલાપી પણાથી દાવો દાખલ કરેલ છે. તેમજ વિશેષમાં વાંધો લઈ તેઓ જણાવે છે કે, વાદગ્રસ્ત જમીન વડીલોપાર્જીત જમીન નથી. પ્રતિવાદીના કથન મુજબ વાદગ્રસ્ત જમીન આજની તારીખે પણ સ્વતંત્ર માલીકીની રહેલી છે. પ્રતિવાદીએ તેના દાવા જવાબમાં વાદીની દાવા અરજીનો મહદ્ અંશે ઈન્કાર કરેલો છે, તેમજ જણાવેલ છે કે, સ્વ. દેવરાજભાઈ ભુરાભાઈને પોતાના હિસ્સાની કોઈ જમીન ન હતી. સ્વ. રામજીભાઈ તથા દેવરાજભાઈની સંયુકત માલીકીની ખેતીની જમીન હતી અને આ મિલ્કત સંયુકત હોવાને કારણે ગુજ. દેવરાજભાઈ ને મિલ્કત વેંચવાનો હકક કે અધીકાર ન હતા. આ ઉપરાંત પ્રતિવાદીએ જવાબમાં જણાવેલ છે કે, લખુભાઈ દેવરાજભાઈએ કોઈ દસ્તાવેજ કરી આપેલ ન હતો અને તેઓ અંધારામાં રાખીને જો કોઈ લખાણ કરવામાં આવેલ હોય તો, તેવુ લખાણ કાયદેસર નથી તેમજ સુધારા દસ્તાવેજ નં. ૧૫૫૬ ગેરકાયદેસર તેમજ રદબાતલ છે. આ ઉપરાંત પ્રતિવાદીએ જણાવેલ છે કે, વાદગ્રસ્ત મિલ્કતનો કબ્જો પ્રારંભથી જ પ્રતિવાદીઓનો છે.

**:૨.૧:** પ્રતિવાદી નં. ૧/૨ તથા ૨/૧ થી ૨/૪ પક્ષે આંક–૨૦ ના જવાબમાં વિશેષમાં એવો બચાવ લીધો છે કે, પરબવાવડી ગામના સર્વે નં. ૧૩૯ ની ખેતીની જમીન પ્રતિવાદીઓના પુર્વજ રામજીભાઈ ભુરાભાઈ તથા દેવરાજભાઈની સંયુકત માલીકીની જમીન હતી. જે સતત રીતે સંયુકત માલીકીની મિલ્કત રહેલી છે. આ મિલ્કતનો તેઓની હયાતી દરમ્યાન સંયુકત માલીકી અને કબ્જો ભોગવટો રહેલો હતો. તેમના અવશાન બાદ આ મિલ્કત તેઓના વારસદારો તરીકે આ પ્રતિવાદીના કાયદેસરના કબ્જા ભોગવટાની મિલ્કત થયેલી છે અને પ્રતિવાદીનો તે રીતે કબ્જો ભોગવટો રહેલો છે. આ ઉપરાંત પ્રતિવાદીએ જણાવેલ છે કે, વાદીએ ૧૯૬૫ થી ઘરમેળે વહેંચણી અંગેની નોંધ માન્ય રહેલ ન હોવા છતા કહેવાતા દસ્તાવેજોને આધારે ખોટો દાવો લાવેલ છે. જેથી વાદીનો દાવો કોસ્ટ સાથે રદ કરવા અરજ કરેલ છે.

**(૦૩)...** પ્રતિવાદી નં. ૧/૩/૧ થી ૧/૩/૩ પક્ષે કોઈ હાજર ન રહેતા તેઓ વિરૂધ્ધ હાલનો દાવો એક તરફી ચલાવવા હુકમ કરવામાં આવેલો.

**(૦૪)...** આંક–૨૮ થી પ્રતિવાદી નં. ૩/૧, ૩/૨ તથા ૩/૩/૧ થી ૩/૩/૬ પક્ષે વાદીનો દાવાનો જવાબ રજુ કરેલ છે. જેમાં આ પ્રતિવાદીએ મહદ્ અંશે વાદીના દાવાનો તારીખ : ૧૦/૧૨/૧૯૮૪નો દસ્તાવેજ રેવન્યુ રેકર્ડ મુજબ થયાનુ જણાવેલ છે. આ ઉપરાંત તારીખ : ૧૬/૦૨/૧૯૭૮ ના લખાણ પ્રમાણે વાદી તથા આ પ્રતિવાદીઓ વચ્ચે ભાગ પડેલ ત્યારથી દાવાવાળી જમીનનો કબ્જો વાદીનો છે અને તેઓ તેનો ઉપયોગ કરે છે. ૧૯૫૪ થી પ્રતિવાદી નં. ૧–૨ નો સંયુકત કબ્જો રહેલો નથી. આ રીતે વાદી દાવા અરજી પેરા–૧૬માં માંગણી કર્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાનુ આ પ્રતિવાદીએ આંક–૨૮ના જવાબમાં જાહેર કરેલ છે.

**(૦૫)...** પ્રતિવાદી નં. ૧/૧ના કુલમુખત્યારે આંક–૩૦ થી પુરશીષ રજુ કરી,પ્ર તિવાદીઓ પક્ષે આંક–૨૦ થી રજુ કરેલો જવાબ એડોપ્શન કરેલ છે, તેમ જાહેર કરેલ છે.

**(૦૬)...** આંક–૩૨ થી હાલના કેસમાં નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલા છે.

## –:: મુદ્દાઓ ::–

૧) શું વાદી સાબિત કરે છે કે, સ્વ. રામજીભાઈ ભુરાભાઈ અને સ્વ. દેવરાજભાઈ ભુરાભાઈ વચ્ચે સને–૧૯૫૪ માં વડીલોપાર્જીત સર્વે નં. ૧૩૯ ના ભાગ પડેલ હતા ? અને બન્ને સ્વતંત્ર રીતે પોતાના ભાગ–હિસ્સાની જમીન ખેડી ખાવાનું શરુ કરેલું. ?

૨) શું વાદી સાબિત કરે છે કે, ગુજરનાર દેવરાજભાઈ ભુરાભાઈના હિસ્સામાં આવેલી જમીનમાંથી એકર ૪–૦૦ ગુઠા જમીન તા.૦૯/૧૨/૨૦૦૩ ના રોજ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી વેંચાણ રાખેલી ?

૩) શું વાદી સાબિત કરે છે કે, તા.૦૯/૧૨/૨૦૦૩ ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રાખેલ જમીનનો કબ્જો ત્યારથી જ તેમનો છે ?

૪) શું વાદી સાબિત કરે છે કે, સરકારી રેકર્ડથી વિરૂધ્ધનું દસ્તાવેજ ન દેખાય તે હેતુથી ગુજરનાર ભીમભાઈ ગોવિંદભાઈએ ગુજરનાર દેવરાજભાઈ દરમ્યાન અવશાન પામેલ હોય, લખુભાઈ દેવરાજભાઈ પાસેથીફકત ક્ષેત્રફળના સુધારા–દસ્તાવેજ તા.૧૦/૧૨/'૮૪ નું રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૧૫૫૬ થી કરાવેલ છે ?

૫) શું વાદી સાબિત કરે છે કે, દાવાવાળી જમીન અંગે વહેચાણ ભાગ સને–૧૯૭૮ ની શરૂઆતથી જ પાડવામાં આવેલ ? અને દરેકે પોતપોતાનો ભાગ સંભાળી લીધો હતો અને ત્યારથી જ વાદીનો કબ્જો–ભોગવટો અને માલીકી છે ?

૬) શું વાદી સાબિત કરે છે કે, વડિલોપાર્જીત જમીન સર્વે નં. ૧૪૧ વાળી એકર ૧૧ –૧૩ ગુંઠા પૈકી એકર ૩–૨૫ ગુંઠા ગુજરનાર અને એકર ૩–૦૮ ગુંઠા રામભાઈના ભાગે ગયેલ અને એકર ૪–૦૦ ગુંઠા નારણભાઈના ભાગે ગયેલ ?

૭) શું વાદી સાબિત કરે છે કે, સર્વે નં. ૧૩૯ વાળી જમીન પૈકી એકર ૨–૩૭ ગુંઠા નો કબ્જો પ્રતિવાદી નં. ૧ ના વારસોનો છે અને બાકીનો સર્વે નં. એકર ૨–૩૬ ગુંઠાનો કબ્જો વાદીનો છે ?

૮) શું વાદી સાબિત કરે છે કે, સર્વે નં. ૧૩૯ પૈકી એકર ૨–૩૬ ગુંઠા ના વાદી કબ્જેદાર ભોગવટો લેનાર માલીક છે ?

૯) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૧૦) શું હુકમ અને હુકમનામું ?

**:૬.૧:** ઉપરોકત મુદ્દાઓનો હવે પછી કરેલી ચર્ચાના અનુસંધાને નીચે મુજબ જવાબ આપવામાં આવે છે.

## –:: <u>જવાબો</u> :: –

૧) મુદા નં.૧ – હકારમાં,

૨) મુદા નં.૨ – હકારમાં,

૩) મુદા નં. ૩– હકારમાં,

૪) મુદા નં.૪ – હકારમાં,

૫) મુદા નં.૫ – હકારમાં,

૬) મુદા નં.૬ –હકારમાં,

૭) મુદા નં.૭ –હકારમાં,

૮) મુદા નં.૮ –હકારમાં,

૯) મુદા નં.૯ –હકારમાં,

૧૦) મુદા નં.૧૦ – આખરી હુકમ મુજબ

**(૦૭)...** ઉપરોકત હકીકતોએ વાદી પક્ષે વિ.વ.શ્રી એ રજુ થયેલ પુરાવાના સમર્થનમાં આંક–૮૧ થી લેખીત દલીલ રજુ કરી, લેખીત દલીલના સમર્થનમાં નીચે મુજબ મૌખીક દલીલ કરી, તે મુજબ દાવો મંજુર કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીઓ પક્ષે દલીલના તબકકે કોઈ હાજર ન રહેતા પ્રતિવાદીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલો.

## –:: વાદી પક્ષે મૌખીક પુરાવો ::–

૧) આંક–૪૭ થી વાદી કરૂણાશંકર ગોવિંદભાઈ રવૈયા (દવે)ની જુબાની.

## –:: વાદી પક્ષે દસ્તાવેજી પુરાવો ::–

૧) આંક–૪૯ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧ | ૫૦ | એન્ટ્રી નંબર ૫૦૪ ની ખરી નકલ | ૧૯/૧૧/'૬૮ |
| ૨ | ૫૧ | એન્ટ્રી નંબર ૧૪૬૨ ની ખરી નકલ | ૦૫/૦૮/'૮૬ |
| ૩ | ૫૨ | એન્ટ્રી નંબર ૧૪૬૪ ની ખરી નકલ | ૦૮/૦૫/'૮૬ |
| ૪ | ૫૩ | એન્ટ્રી નંબર ૧૭૪૯ ની ખરી નકલ | ૨૦/૦૭/'૮૯ |
| ૫ | ૫૪ | વેચાણ દસ્તાવેજ અસલ રજી. નં.–૯૯૦ | ૦૯/૧૨/'૬૩ |
| ૬ | ૫૫ | વાદી તથા તેમના ભાઈઓ વચ્ચે થયેલ સમજુતીનુ લખાણ | ૧૬/૦૨/'૭૮ |
| ૭ | ૫૬ | સુધારા દસ્તાવેજ રજી. નં. ૧૫૫૬ | ૧૦/૧૨/'૮૪ |
| ૮ | ૫૭ | આર.આર.ટી. અપીલ નં. ૮/૮૭ ના કામમાં થયેલ ઠરાવની ખરી નકલ | ૨૭/૦૩/૮૯ |

**(૦૮)...** વાદી પક્ષે વિશેષ પુરાવો રજુ ન થતાં આંક–૭૭ થી વાદીના વિશેષ પુરાવાનો હકક બંધ કરવામાં આવેલો.

**(૦૯)...** પ્રતિવાદી પક્ષે પ્રતિવાદી નં. ૩/૨ નારણભાઈ ગોવિંદભાઈની જુબાની આંક–૭૯ થી રજુ થયેલ છે. તેમજ આંક–૮૦ થી પ્રતિવાદી નં. ૩/૧ થી ૩/૬ તરફે કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે.

**<u>મુદ્દા નં. ૧ થી ૯</u>**

**(૧૦)...** ઉપરોકત તમામ મુદ્દાઓ એક બીજા સાથે સંલગ્ન હોય, કાયદાની જોગવાઈઓ અને પુરાવાની હકીકતોનું પુનરાવર્તન ટાળવાના એક માત્ર ઉદ્દેશથી આ તમામ મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

**(૧૧)...** હાલના કેસમાં વાદીએ પોતાના દાવા અરજીના પેરા–૧૬માં માંગણી કરેલ દાદ તેમજ ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૮ ધ્યાને લેતા, વાદી પક્ષે તેના દાવા અરજીના સમર્થનમાં આંક–૪૯ ના લીસ્ટથી રજુ કરલ આંક–૫૦ થી ૫૭ ના દસ્તાવેજો સાથે વાદીના આંક–૪૭ની જુબાની ધ્યાને લેતા, વાદીએ આંક–૧ ની દાવા અરજીમાં જણાવેલી હકીકતો, અદાલત રૂબરૂ સોગંદ ઉપર જાહેર કરેલ છે. અત્રે એ હકીકત નોંધવી ઉલ્લેખનીય છે કે, વાદીએ આંક–૪૭ થી રજુ કરેલ પુરાવાના સોગંદનામાની કોઈ પ્રતિવાદીઓ ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. હાલના કેસમાં આંક–૨૦ થી પ્રતિવાદીઓએ વાદીના દાવાને પડકારેલ છે, તેમજ પ્રતિવાદીઓએ

મહદ્ અંશે વાદીના દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે, તેમજ વાદગ્રસ્ત મિલ્કતનો કબ્જો પ્રતિવાદીઓ પાસે રહેલ હોવાની અને વાદગ્રસ્ત મિલ્કતમાં વાદીનો કયારેય કોઈ રાઈટ, ટાઈટલ કે ઈન્ટ્રેસ્ટ રહેલ ન હોવાનુ જણાવેલ છે. પ્રતિવાદીઓ પક્ષે ફકત વાદીના દાવાનો જવાબ રજુ કરી, વાદીના દાવાની ઈન્કારી કરેલ છે પરંતુ તેના જવાબના સમર્થનમાં કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં પ્રતિવાદી નં. ૧/૨, ૨/૧ થી ૨/૪ નિષ્ફળ નીવડેલ છે.

**(૧૨)...** અન્ય પ્રતિવાદીઓ એટલે કે, પ્રતિવાદી નં. ૩/૧, ૩/૨, ૩/૩/૧ થી ૩/૩/૬ પક્ષે આંક–૨૮ થી જવાબ રજુ કરેલ છે અને આ પ્રતિવાદીઓએ દાવા અરજીમાં કરેલ કથનનો સંપુર્ણપણે સમર્થન આપેલ છે. જેમાં આ પ્રતિવાદીએ તારીખ : ૧ ૬/૦૨/'૭૮ના લેખન મુજબ વાદી તેમજ પ્રતિવાદીઓ વચ્ચે ભાગ પડેલ ત્યારથી દાવાવાળી જમીનનો કબ્જો વાદી પાસે છે, તેમ જણાવેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૧–૨ સાથે વાદીનો સંયુકત કબ્જો રહેલ નથી, તેવી બાબત આંક–૨૮ ના જવાબમાં જણાવેલ છે. પ્રતિવાદી નં. ૩/૨ નારણભાઈ ગોવિંદભાઈ ઉપરોકત જવાબના સમર્થનમાં આંક–૭૯ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં તેઓએ વાદીએ જણાવેલી દાવા અરજીની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન કરેલ છે. આ સોગંદનામામાં આ પ્રતિવાદીએ અદાલત રૂબરૂ સોગંદ ઉપર જણાવેલ છે કે, વાદગ્રસ્ત જમીન તારીખ : ૦૯/૧૨/'૬૩ ના દસ્તાવેજની તારીખ થી તેઓનો કબ્જો હતો અને તેઓ તમામ ભાઈઓ સંયુકત રીતે આ મિલ્કતમાંથી ઉપજ લેતા હતા. ત્યારબાદ ઘરમેળે વહેંચણીની તારીખ થી આજદિન સુધી આ મિલ્કતમાં વાદી કરૂણાશંકરનો કબ્જો છે અને તકરારી જમીન પ્રતિવાદી નં. ૧–૨ પૈકી કોઈનો પણ વાદગ્રસ્ત જમીન ઉપર કબ્જો નથી. આ પ્રતિવાદીની અન્ય પ્રતિવાદીઓ પક્ષે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)...** ઉપરોકત તમામ હકીકતોએ પક્ષકારો કૌટુંબીક ભાઈઓ છે તેમજ પ્ર તિવાદી નં. ૧ તથા ૨ વચ્ચે તેઓ મજમુ જમીનનો ભાગ પાડતા પ્રતિવાદી નં. ૨ ગુજરનાર દેવરાજભાઈ ભુરાભાઈના ભાગની જમીન તેમની પાસેથી પ્રતિવાદી નં. ૩/૩ ના નામે કરવામાં આવેલી. જે દસ્તાવેજ આંક–૫૪ થી રજુ થયેલ છે. જેમની સંયુકત

ઉપજ લેવામાં આવતી હતી. આ ઉપરાંત તારીખ : ૧૬/૦૨/૧૯૭૬ ના આંક–૫૫ ના લેખન મુજબ વાદી તથા પ્રતિવાદી નં. ૩ ના વારસો વચ્ચે ઘરમેળે સંયુકત મિલ્કતનો ભાગ પાડવામાં આવેલો અને આ ભાગ પડયા બાદ વાદગ્રસ્ત મિલ્કત આ દાવાના વાદીના ભાગે આવેલી, ત્યારથી વાદી સ્વતંત્ર રીતે વાદગ્રસ્ત મિલ્કતનો કબ્જો ધરાવે છે અને ખેડે છે તેવી હકીકત વાદી પક્ષે સાબીત કરેલ છે. પુનરાવર્તનના ભોગે એ હકીકત નોંધવી અગત્યની રહેશે કે, પ્રતિવાદી નં. ૩/૧, ૩/૨ તથા ૩/૩/૧ થી ૩/૩/૬ નાઓ એ વાદીના દાવાને સમર્થન કરેલ છે તેમજ અન્ય પ્રતિવાદીઓએ ફકત દાવા અરજીની ઈન્કારી કરેલ છે પરંતુ તેના જવાબના સમર્થન માં કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. આ સંજોગોમાં વાદીએ દાવા અરજીનાં સમર્થનમાં અદાલત રૂબરૂ સોગંદ ઉપર જણાવેલી હકીકતો અને રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ન માનવાને કોઈ કારણ રહેતુ નથી. ઉપરોકત હકીકતોએ વાદગ્રસ્ત જમીન વાદીના ભાગે આવેલ હોય, તે અંગેના રેવન્યુ નં. ૧૪૬૪, તારીખ : ૨૪/૦૩/૮૬ના રોજ પડેલા અને આ નોંધ આંક–૫૨ મુજબ તારીખ : ૦૮/૦૫/'૮૬ ના રોજ નામંજુર થયેલી. તે રીતે રેવન્યુ રેકર્ડમાં પણ હાલના વાદીના નામે સ્વતંત્ર રીતે દાવાવાળી જમીન આવેલ હોવાનો ઉલ્લેખ છે. આ ઉપરાંત હાલના કેસમાં વાદી પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પૈકી આંક–૫૭ ના હુકમના આધારે ( આર.આર.ટી અપીલ નં. ૮/૮૭ ) ના હુકમના આધારે પ્રતિવાદી નં. ૧ તથા ૨ ના ખાતા જમીન તારીખ : ૨૦/૦૭/'૮૯ ના અરસામાં ગયેલ પરંતુ જમીનનો કબ્જો વાદીનો જ રહેલો. પ્રતિવાદી નં. ૨ દેવરાજભાઈ ભુરાભાઈ વારસો તેના આંક–૫૪ ના દસ્તાવેજનો કયારેય વાંધો લીધો નથી, તેમજ આંક–૫૬ થી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૧૫૫૬ કરવામાં આવેલ ત્યાર બાદ તેઓ ધ્વારા કોઈ વાંધો લેવામાં આવેલ નથી. આ ઉપરાંત આંક–૫૭ ના ઠરાવ વાળી અપીલ ફકત રસ્તાના હકક અને માપણીના હેતુ માટે કરવામાં આવેલી. આમ છોટુભાઈ ધ્વારા કરવામાં આવેલી અપીલમાં તેઓને કોઈ Locus standi ન હતા, તેમ જ રામજીભાઈ ભુરાભાઈ ના વાંધા પણ ટકવા પાત્ર ન હતા, તે સંજોગોમાં રેવન્યુ ઓથોરીટીએ ભુલ કરેલ છે તેમ જણાય આવે છે.

**(૧૪)...** કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ રેવન્યુ રેકર્ડ ટાઈટલ માટે ધ્યાને લ ેવાનુ રહેતું નથી. ઉપર કરેલી ચર્ચા મુજબ વાદગ્રસ્ત મિલ્કત ઉપર વાદીનો કબ્જો હોય, તેમજ વાદગ્રસ્ત મિલ્કતમાં વાદીએ પોતાનો કાયદેસરનો હકક સાબીત કરેલ હોય, અને વાદીના દાવાને પ્રતિવાદી નં. ૩/૧, ૩/૨ તથા ૩/૩/૧ થી ૩/૩/૬ નાઓએ સમર્થન કરેલ હોય, અને પ્રતિવાદી નં. ૧/૨ તથા ૨/૧ થી ૨/૪ નાઓ એ ફકત વાદીના દાવાનો વાંધો / જવાબ દાખલ કરેલ છે, પરંતુ વાદીએ અદાલત રૂબરૂ સોગંદ ઉપર જણાવેલ હકીકતો પડકારેલ નથી, કે પુરાવા રજુ કરેલ નથી કે વાદીએ કરેલ આંક–૮૧ની લેખીત દલીલથી વિરૂધ્ધ રેકર્ડ ઉપર કોઈ દલીલ કરેલ નથી. ત્યારે વાદી પક્ષે દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા હોય, મુદ્દા નં. ૧ થી ૮ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૧૫)...** **<u>મુદ્દા નં. ૯ તથા ૧૦</u>**

ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા વાદી પક્ષે દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોય, મુદ્દા નં. ૧૦ અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: આ ખ રી હુ ક મ :–</u>**

(૧) વાદીનો હાલનો દાવો આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) ભેંસાણ તાલુકાના પરબવાવડી સીમની ખેતીની સર્વે નં. ૧૩૯ પૈકીની **૨** એકર **૩૬** ગુઠા જમીનના વાદી કબ્જેદાર અને ભોગવટેદાર / માલીક હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) વાદીની ઉપરોકત જમીનના કબ્જા ભોગવાટાની મિલ્કતમાં પ્રતિવાદીઓ હરકત, અંતરાય કે રૂકાવટ કરાવે નહી તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) પ્રતિવાદીઓએ પોતાનો ખર્ચ તેમજ વાદીના દાવાનો ખર્ચ ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ : ૨૩ મી માહેઃ ઓગષ્ટ સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જુનાગઢ
તારીખ : ૨૩.૦૮.૨૦૧૮

**(હેમાંગ અશ્વિનભાઈ ત્રિવેદી)**
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
જુનાગઢ
GJ00591